* * *

## તદ્દન અપંગ (પેરાપ્લેજિકની ક્ષતિ ધરાવતા) કર્મચારીઓને રજાપ્રવાસ-રાહતનું વિકલ્પે રોકડમાં રૂપાંતર

(17)

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ઠરાવક્રમાંક : મસભ-10/2001-765-ચ
સચિવાલય, ગાંધીનગર, તા. 16-6-2001

*વંચાણમાં લીધા :* (1) *નાણાં વિભાગ, સરકારી ઠરાવ નંબર : મસભ-1089-એમઆર-8-જ, તા. 27-7-'89.*
(2) *નાણાં વિભાગ, સરકારી ઠરાવ નંબર : મસભ-2191-1117-જ, તા. 1-7-'91.*
(3) *નાણાં વિભાગ, સરકારી ઠરાવ નંબર : મસભ-1097-718-જ, તા. 3-9-'97.*
(4) *નાણાં વિભાગ, સરકારી ઠરાવ નંબર : મસભ-1093-103-જ, તા. 23-2-'93.*
(5) *નાણાં વિભાગ, સરકારી ઠરાવ નંબર : પગર-1098-1-મ, તા. 7-1-'98.*

**ઠરાવ :**

રાજય સરકારના કર્મચારીઓને રજાપ્રવાસ-રાહતનું વિકલ્પે રોકડમાં રૂપાંતર કરી આપવા અંગેની યોજના 1996-'99ના બ્લૉકવર્ષથી આમુખમાં ક્રમાંક (5) આગળ દર્શાવેલ તા. 7-1-'98ના ઠરાવથી રાજય સરકાર દ્વારા બંધ કરવામાં આવેલ છે.

આમુખક્રમાંક : (4) આગળના નાણાં વિભાગના તા. 23-2-'93ના ઠરાવથી અંધ અને વિકલાંગ કર્મચારીઓને રજાપ્રવાસ-રાહત હેઠળની મુસાફરી જાહેર વાહનો દ્વારા કરવામાં પડતી મુશ્કેલીઓ ધ્યાને

લઇને ભાડાના ખાનગી વાહનો દ્વારા પ્રવાસ કરવાની પણ છૂટ આપવામાં આવેલ છે, પરંતુ તદ્દન અપંગ પેરોપ્લેજિકની ક્ષતિ ધરાવતા અર્થાત્ જેઓ વ્હીલચેર દ્વારા જ હરીફરી શકતા હોય તેવા કર્મચારીઓને રજાપ્રવાસ-રાહતનું રોકડમાં રૂપાંતર કરી આપવા અંગે વિવિધ અપંગ માનવસેવા સંગઠનો તરફથી સરકારને મળેલ રજૂઆતો પરત્વે સહાનુભૂતિપૂર્વકની વિચારણાના અંતે આથી નીચેની શરતોને આધીન રહીને રજાપ્રવાસ-રાહત ઘટક વર્ષ 1996-1999નું વિકલ્પે રોકડમાં રૂપાંતર કરી આપવાનું ઠરાવવામાં આવે છે. રજાપ્રવાસ-રાહત ઘટકવર્ષ 2000-2003નું રોકડમાં રૂપાંતર એલ.ટી.સી. / હોમ ટાઉન ઉપરનો પ્રતિબંધ દૂર થયા બાદ કરી શકાશે.

(1) આ હુકમોનો લાભ તદ્દન અપંગ અર્થાત્ પેરોપ્લેજિકની ક્ષતિ ધરાવતા અને માત્ર વ્હીલચેર દ્વારા જ હરીફરી શકતા હોય તેવા જ સરકારી કર્મચારીઓને મળવાપાત્ર થશે.

(2) રજાપ્રવાસ-રાહતનું વિકલ્પે રોકડમાં રૂપાંતર 1996-1999ના બ્લોકવર્ષ માટે અને જે કર્મચારીઓએ 1996-1999નો લાભ લીધેલ નથી તેમને જ મળવાપાત્ર થશે.

(3) આ લાભ વધુમાં વધુ બે આખી ટિકિટની મર્યાદામાં મળવાપાત્ર થશે.

(4) આવવા-જવાના 4500 કિલોમીટરની મર્યાદામાં આ રાહત મળવાપાત્ર થશે.

(5) આ અંગેનો વિકલ્પ તા. 31-7-2001 સુધીમાં આપી શકાશે, પરંતુ રોકડમાં રૂપાંતરની ગણતરી માહે જૂન-2001માં મળવાપાત્ર પગારને ધ્યાને લેવાનો રહેશે. એકવાર આપેલ વિકલ્પ આખરી ગણાશે. તેમાં ફેરફાર કરવાની કોઇપણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

(6) કર્મચારી જે તારીખે વિકલ્પે રોકડમાં રૂપાંતર કરી આપવાનો વિકલ્પ આપે તે તારીખે રેલવેના હક્કદાર વર્ગનું રેલવેભાડું ગણતરીમાં લેવાનું રહેશે, પરંતુ વધુમાં વધુ રેલવેના સાદા પ્રથમ વર્ગનું ભાડું મળવાપાત્ર થશે.

(7) તા. 27-7-'89 પછી સેવામાં દાખલ થયેલ કર્મચારીને જો બેથી વધુ જીવિત બાળકો હશે તો તેમને આ લાભ મળવાપાત્ર થશે નહિ. (ખરેખર મુસાફરી કરીને પણ મળવાપાત્ર નથી.)

(8) ચાલુ નોકરી દરમ્યાન મૃત્યુ પામનાર કર્મચારી દ્વારા રોકડમાં રૂપાંતર અંગે કોઇ વિકલ્પ આપ્યો ન હોય અને તેના કાયદેસરના વારસદારો તરફથી માંગણી કરવામાં આવે તો આ અંગે મળવાપાત્ર રકમ ચૂકવી શકાશે.

(9) આ અંગેની નોંધ કર્મચારીની સર્વિસબુકમાં વિગતવાર કરવાની રહેશે.

(10) આ લાભ ફક્ત તદ્દન અપંગ, પેરાપ્લેજિકની ક્ષતિ ધરાવતા અને વ્હીલચેર દ્વારા હરી-ફરી શકતા હોય તેવા કર્મચારીઓને જ મળવાપાત્ર હોઇ, કર્મચારી વ્હીલચેર વિના હરી-ફરી શકતા નથી તે મતલબનું પ્રમાણપત્ર મેળવવાની જવાબદારી સંબંધિત નિયંત્રણઅધિકારીની રહેશે. કોઇ કિસ્સામાં આવું પ્રમાણપત્ર ખોટું આપ્યાનું ફલિત થાય તો આ અંગેની જવાબદારી સંબંધિત નિયંત્રણઅધિકારીની રહેશે.

(11) વધુમાં વધુ બે ટિકિટનું વિકલ્પે રોકડમાં રૂપાંતર કરી આપવા અંગે જે કર્મચારી દ્વારા વિકલ્પ આપવામાં આવ્યો હશે તેવા કિસ્સામાં કુટુંબના બાકી અન્ય સભ્યોને ખરેખર મુસાફરી કરીને પણ રજાપ્રવાસ-રાહતની સવલત મળવાપાત્ર થશે નહિ.

(12) આ હુકમો સરકારી કર્મચારીઓ, પંચાયતના કર્મચારીઓ, માધ્યમિક શાળાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ તેમ જ જેઓને રાજ્ય સરકારના રજાપ્રવાસ-રાહતના નિયમો લાગુ પાડવામાં આવેલ છે તેઓને લાગુ પડશે.

(13) રજાપ્રવાસ-રાહત અંગેની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, નીતિન મહેતા
ઉપસચિવ, નાણાં વિભાગ

* * *